# તપોધન બ્રાહ્મણ પ્રગતિ મંડળના કારોબારી સભ્યોની વરણી કરાઈ

ગાંધીનગર, તા. ૨

ગાંધીનગર તપોધન બ્રાહ્મણ પ્રગતિ મંડળની કારોબારીની વરણી કરવામાં આવી હતી.

જેમાં પ્રમુખ તરીકે



બિપિનભાઈ રાવલ ઉપાધ્યક્ષ મહાનગર ભાજપની વરણી કરવામાં આવી હતી. તેમજ અન્ય કારોબારીમાં ઉપપ્રમુખ તરીકે જયંતિભાઈ રાવલ, પ્રકાશભાઈ ઠાકર, મંત્રી તરીકે મુકેશભાઈ રાવલ, સહ મંત્રી તરીકે પ્રવિણભાઈ રાવલ, ગૌતમભાઈ રાવલ, મહેશભાઈ રાવલ, વિજયભાઈ રાવલ, સંગઠનમંત્રી તરીકે ચેતનભાઈ જોષી, નયનભાઈ રાવલ, નરેશભાઈ ઠાકર, શિક્ષણ સેવા સહાયક તરીકે રોહિતભાઈ રાવલ, ખજાનચી તરીકે ભગીરથ રાવલ તેમજ કારોબારી સભ્યોની વરણી કરવામાં આવી હતી.



ગુજરાતના સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ તથા રમત ગમત, યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓના મંત્રી શ્રી રમણલાલ વોરાએ આસામના સમાજ કલ્યાણ અને જેલ વિભાગના મંત્રી શ્રી અકોન બોરાની દીસપુર - ગુવાહાટીમાં મુલાકાત લીધી હતી. શ્રી રમણલાલ વોરાએ ગુજરાતમાં મુખ્યમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં થઈ રહેલા વિકાસ અને આયોજન વિષે વિસ્તૃત વિચાર - વિમર્શ કર્યો હતો. આસામના સમાજ કલ્યાણ મંત્રી શ્રી અકોન બોરાએ આસામની યોજનાઓ અને અમલીકરણ વિષે જાણકારી આપી હતી. ગુજરાતની યોજનાઓ અને આયોજનોથી પ્રભાવિત થયેલા મંત્રી શ્રી અકોન બોરા એ આસામના અધિકારીઓના પ્રતિનિધિ મંડળ સાથે ગુજરાતની મુલાકાતે આવવાના શ્રી રમણલાલ વોરાના નિમંત્રણનો સ્વિકાર કર્યો હતો. ગુજરાતના કુટિર ઉદ્યોગ તથા મીઠા ઉદ્યોગના રાજ્ય મંત્રી શ્રી વાસણભાઈ આહીર તથા ગુજરાત રાજ્યના અધિક મુખ્ય સચિવ શ્રી (નાણા-ખર્ચ) એલ. ચુઆન્ગો પણ ઉપસ્થિત રહ્યા હતા.

# જાફરીની અરજી પર ફેંસલો ૨૬મી ડિસેમ્બર સુધી ટળ્યો

## મેટ્રોપોલીટન કોર્ટ જજ ગણાત્રા રજા પર ઉતરતા ચુકાદામાં વધુ એક મુદ્દત પડી : કેસને લઈ તર્કવિતર્કોનો દોર યથાવત

અમદાવાદ, તા.૦૨

સાંસદ અહેસાન જાફરીના વિધવા ઝાકિયા જાફરીની અરજી પર ચુકાદો હવે ૨૬મી ડિસેમ્બરના દિવસે આપવામાં આવશે. આજે ફેંસલો ૨૬મી ડિસેમ્બર સુધી ટળી ગયો હતો.અમદાવાદ શહેરના મેઘાણીનગર સ્થિત ગુલબર્ગ સોસાયટીમાં થયેલા કોમી રમખાણમાં સ્પેશિયલ ઈન્વેસ્ટિગેશન ટીમ દ્વારા ગુજરાતના મુખ્યમંત્રી સહિત અન્ય ૬૨ લોકોને આપવામાં આવેલી ક્લીનચીટ મામલે ઝાકીયા જાફરીની પ્રોટેસ્ટ પિટિશનનો ચુકાદો આજરોજ મુલતવી રહ્યો હતો. મેટ્રોપોલીટન કોર્ટમાં કેસ ચલાવી રહેલા જજ બી.જે. ગણાત્રા કોર્ટમાં કોઈક કારણોસર રજા ઉપર રહેતા પ્રોટેસ્ટ પિટિશનના ચુકાદામાં વધુ એક મુદત પડી છે. હવે આગામી ૨૬મી ડિસેમ્બરના રોજ પ્રોટેસ્ટ પિટિશનનો ચુકાદો જાહેર થશે.

આ કેસની વિગત એવી છે કે વર્ષ ૨૦૦૨માં થયેલ ગોધરા હત્યાકાંડ બાદ સમગ્ર રાજ્યમાં કોમી રમખાણો ફાટી નીકળ્યો હતો. આ કોમી રમખાણ અમદાવાદ શહેરના મેઘાણીનગર સ્થિત ગુલબર્ગ સોસાયટીમાં પણ થયા હતા. ગુલબર્ગ સોસાયટીમાં થયેલ કોમી રમખાણમાં કોંગ્રેસના પૂર્વ સાંસદ અહેસાન જાફરી પણ મૃત્યુ પામ્યો હતો. ત્યારબાદ ગુલબર્ગ કાંડની ઘટનામાં ભોગ બનેલા સાંસદ અહેસાન જાફરીના વિધવા પત્ની ઝાકીયા જાફરીએ સુપ્રિમ કોર્ટમાં અરજી કરીને ગુજરાતના મુખ્યમંત્રી નરેન્દ્ર મોદી સહિત ૬૨ જણાને આરોપીઓ બનાવવાની માંગણી કરતી અરજી કરી હતી. ઝાકીયામાં અરજીમાં તેઓની સામે ખૂન અને ખૂનના કાવતરાનો આરોપ મુકી કાર્યવાહી કરવા માંગણી કરી હતી. સુપ્રિમ કોર્ટે ઝાકીયાની અરજી પર તપાસ કરવા સ્પેશિયલ ઈન્વેસ્ટિગેશન ટીમની રચના કરી તપાસ કરવા આદેશ આપ્યો હતો. સીટે સમગ્ર પ્રકરણની તપાસ કરી મુખ્યમંત્રી નરેન્દ્ર મોદી સહિત તમામને ક્લીનચીટ આપતો રીપોર્ટ રજુ કર્યો હતો. સીટના આ રીપોર્ટ સામે ઝાકીયા જાફરીએ પ્રોટેસ્ટ પિટિશન દાખલ કરી રિપોર્ટને પડકાર્યો હતો અને રિપોર્ટને ફગાવી દેવા માંગ કરી હતી. ઉપરાંત ઉપલબ્ધ પુરાવાના આધારે આરોપીઓ સામે કાર્યવાહી કરવા રજુઆત કરી હતી. પ્રોટેસ્ટ પિટિશન પર બંને પક્ષોએ દલીલો કરી હતી. આ દલીલો પાંચ મહિના સુધી ચાલી હતી. જેમાં સીટે પોતાનો બચાવ કરતા કહ્યું હતું કે ગુલબર્ગ હત્યાકાંડમાં આઠ વર્ષ જેટલો સમય વીતી ચુક્યો જેમાં ખાસ કંઈ પુરાવાઓ મળ્યા નથી ઉપરાંત જેટલા પુરાવાઓ મળ્યા છે તેનાથી એ સાબીત નથી થતું કે ગુલબર્ગ હત્યાકાંડમાં જેમના પર આરોપ લાગ્યા છે તેઓ ષડયંત્રમાં સામેલ છે. બીજી તરફ ઝાકીયાના વકીલે કહ્યું હતું કે એમિકસ ક્યુરીએ પોતાના અભિપ્રાય આપ્યુંહતુંકે ઝાકીયા દ્વારા દાખલ અરજી બાબતે કેસ ચલાવવા માટે પૂરતા પુરાવા છે ઉપરાંત તેમણે વધુમાં જણાવ્યું હતું કે આ કોમી રમખાણો ફક્ત ગુલબર્ગ હત્યાકાંડ પૂરતા ન હતા. સીટે ફક્ત ગુલબર્ગ હત્યાકાંડની તપાસ કરી રીપોર્ટ આપ્યો હતો. પરંતુ આ કોમી રમખાણો મોટું ષડયંત્ર હતું એના સંદર્ભમાં સીટે કોઈ તપાસ કરી નથી. હાલ બંને પક્ષો વચ્ચે દલીલો પૂર્ણ થઈ ચુકી છે. મેટ્રોપોલીટન કોર્ટના જજ બી.જે. ગણાત્રા ઝાકીયા જાફરી દ્વારા દાખલ પ્રોટેસ્ટ પિટિશન અંગેનો પોતાનો ચુકાદો ૨૬મી ડિસેમ્બરના રોજ જાહેર કરશે.

# કેન્દ્ર સસ્તો ગેસ આપવા તૈયાર પણ મોદી સરકારના ઠાગાઠૈયા

## પોતાના માનીતા ઉદ્યોગપતિને સીએનજીની મોનોપોલીમાં નુકશાન નહીં થાય તેની નરેન્દ્ર મોદી સરકારને ચિંતા છે

અમદાવાદ, તા.૦૨

ગુજરાતની ભાજપ સરકાર હૈયે માત્ર ઉદ્યોગપતિઓનું હિત છે. સામાન્ય નાગરીકોને તેનો લાભ મળે તેવું ક પણ નિર્ણાયલ કામ કરવામાં આવતું નથી. પરિણામે સીએનજીના મુદ્દે હજારો રીક્ષાચાલકો અને ગૃહિણીઓને તેના લાભથી વંચિત રહેવું પડે અથવા તો મોંઘો ગેસ જ ખરીદવો પડે તેવી સ્થિતિનું નિર્માણ ભાજપ સરકાર કરી રહી છે. તેવો આક્ષેપ કરતાં ગુજરાત પ્રદેશ કોંગ્રેસના પ્રવક્તા ડો. મનિષ દોશીએ જણાવ્યું હતું કે કેન્દ્ર સરકાર ગુજરાતને ગેસ આપવા માંગે છે. તે ગેસ ઉપભોક્તાઓને સરળતાથી અને સસ્તો પડે તેવો સહાયોગ ભાજપ સરકાર કરતી નથી.

કેન્દ્ર સરકારે ગેસ આપવા માટે સ્પષ્ટ જાહેરાત કરી દીધી છે. પણ ભાજપના માનીતા ઉદ્યોગપતિને તેમની સીએનજી ગેસની મોનોપોલીમાં નુકશાન ન જાય તે માટે હજારો સીએનજી ગ્રાહકોને સસ્તા ગેસથી વંચિત રાખવાનું કામ ગુજરાતની ભાજપ સરકારી કરી રહી છે.

# ગુજરાતને સસ્તા ભાવે ગેસ આપવા કેન્દ્રની નિયત નથી

## સુવાલીના ડિલિવરી પોઈન્ટ નિયત કરી ગુજરાતની પ્રજાને ઓછા પ્રેશરનો ગેસ આપવામાં આવી રહ્યો છે : પટેલ

ગાંધીનગર, તા.૦૨

ઉર્જા મંત્રી સૌરભ પટેલે આજે સ્પષ્ટપણે જણાવ્યુ હતુ કે ગુજરાતની પ્રજાને સસ્તાભાવે ગેસ આપવાની કોઈ નિયત જ ભારત સરકારની દેખાઈ રહી નથી. ગેસ ઓથોરિટી ઓફ ઈન્ડિયાના નિર્ણયની પણ પટેલે ટિકા કરી હતી અને કહ્યુ હતુકે સુપ્રીમ કોર્ટના દિશા નિર્દેશનું ગેસ ઓથોરિટી ઓફ ઈન્ડિયાએ પાલન કર્યુ નથી.

ગુજરાતના નાગરિકોને લાંબા સમય સુધી મોંઘા ભાવનો ગેસ લેવા મજબુત કરીને કમ્મરતોડ મોંઘવારીમાં બેવડો માર આપાની કેન્દ્ર સરકારે સર્વોચ્ચ અદાલતના નિર્ણયનો ગુજરાતના હિતમાં તાત્કાલીક અમલ કરીને સસ્તા ભાવે ગેસ આપવો જોઈએ તેવી પ્રબળ માંગણી પણ ઉર્જા મંત્રીએ કરી છે. ઉર્જા મંત્રીએ જણાવ્યું કે ગત જુલાઈ-૨૦૧૨માં રાજ્યની વડી અદાલતે કેન્દ્ર સરકારને નિર્દેશ આપ્યો હતો કે, ગુજરાતને પણ અન્ય રાજ્યો દિલ્હી, મુંબઈના ભાવે સીએનજી ગેસ આપવામાં આવે. પરંતુ કેન્દ્ર સરકારે ગુજરાત વડી અદાલતના આ નિર્દેશને સર્વોચ્ચ અદાલતમાં ભારત સરકારને ૩૦-૧૧-૧૩ થી અમલમાં આવે તે રીતે ગુજરાતને પણ અન્ય રાજ્યોના ભાવે એપીએમ સીએનજી ગેસ આપવા દિશા નિર્દેશ કર્યો હતો.

આ અંગેની વિસ્તૃત વિગતો આપતા સૌરભ પટેલે કહ્ કે, ગુજરાતને તા. ૩૦-૧૧-૧૩ થી સસ્તો ગેસ આપવાના સર્વોચ્ચ અદાલત અને રાજયની વડી અદાલતના સ્પષ્ટ નિર્દેશો છતાં ગેસ ઓર્થોરીટી ઓફ ઈન્ડિયાએ આ સમયાવધિના એક દિવસ પહેલા એટલે કે ૨૯-૧૧-૧૩ના રોજ ગેસ સેલ્સ કોન્ટ્રાકટ ઈસ્યુ કરીને શરૂઆતથી જ ગુજરાતને અન્યાયની પરંપરામાં વધુ એક દ્રષ્ટાંત પુરૂં પાડ્યું છે. એટલું જ નહીં આ ગેસ માટેનો સુચિત ડિલીવરી પોઈન્ટ હજીરા-સુવાલી નિયત કરવામાં આવ્યો છે. પરંતુ તાંત્રિક દ્રષ્ટિએ આ બંને પોઈન્ટ ઉપરથી ગેસ લેવો શક્ય નથી કારણ કે, ૩૫ થી ૪૫ બાર જેટલું ઓછુ પ્રેશર અહીંથી ગેસ વહન કરવામાં મળે છે. સૌરભ પટેલે એવો પણ નિર્દેશ આપ્યો ચે કે જો ગેસ ઓર્થોરીટી ઓફ ઈન્ડિયા ગુજરાતની માંગ મુજબ દહેજને ગેસ ડીલીવરી પોઈન્ટ તરીકે સ્વીકારે તો ગુજરાત સરકાર રાજ્યના નાગરીકને તાત્કાલીક ધોરણે સરળતાથી અને સસ્તો ગેસ આપવા પ્રતિબંધ છે.

# ચૂંટણી પ્રચારમાંથી ફ્રી થતાં મુખ્યમંત્રીનો વહીવટીતંત્ર સાથે બેઠકોનો દોર

ગાંધીનગર, તા. ૨

પાંચ રાજ્યોની વિધાનસભા ચૂંટણીના ચૂંટણી પ્રચારમાંથી ફ્રી થયા બાદ આજે મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીએ રાજ્યના વિવિધ વિભાગોના મંત્રીઓ સાથે બેઠકોનો દોર શરૂ કરીને કામગીરી હાથ ધરી હતી.

સચિવાલય સાથે સંકળાયેલ સૂત્રો પાસેથી પ્રાપ્તવિગતો મુજબ ભાજપે ચૂંટણી પ્રચાર સમિતિના અધ્યક્ષ તરીકે નરેન્દ્ર મોદીની નિમણુંક કરતાં નરેન્દ્ર મોદી પાંચ રાજ્યોની વિધાનસભા ચૂંટણીમાં ચૂંટણી પ્રચારની ધૂરા સંભાળી હતી. આ પાંચ રાજ્યોમાં મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીએ થોકબંધ ચૂંટણી સભાઓને સંબોધી હતી.

પાંચ રાજ્યોની ચૂંટણી પ્રચારમાં મુખ્યમંત્રી નરેન્દ્ર મોદી વ્યસ્ત હોવાને કારણે સચિવાલયમાં થોડા દિવસો માટે ઓછો સમય ફાળવી શક્યા હતા. જો કે ચૂંટણી પ્રચાર કાર્ય પૂર્ણ થતાં આજથી મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીએ સરકારી કામગીરીનો ધમધમાટ શરૂ કર્યો હતો.

સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ આજે મુખ્યમંત્રીના અધ્યક્ષસ્થાને નાણામંત્રી અને શહેરી વિકાસમંત્રી સાથે એક બેઠક કરીને રાજ્યની નવી એફોર્ડેબલ હાઉસીંગ નીતિ અંગે ચર્ચા વિચારણા કરીને હાઉસીંગ નીતિના મુદ્દાને આખરી કરવામાં આવ્યો હોવાનું જાણવા મળે છે.

# યુનિવર્સિટી પરીક્ષામાં વધુ એક છબરડો સામે આવ્યો

## યુનિવર્સિટીના ઘણા છબરડાઓના વિરૂદ્ધમાં વિદ્યાર્થીઓના ઉગ્ર દેખાવઃ કુલપતિ તરફથી રજિસ્ટ્રારે આવેદનપત્ર લીધુ

અમદાવાદ, તા.૦૨

ગુજરાત યુનિવર્સિટી દ્વારા બીકોમ સેમેસ્ટર-૫નાં એકાઉન્ટના પેપરમાં છબરડા બહાર આવ્યા હતા. જેના વિરૂદ્ધમાં આજે વિદ્યાર્થીઓ દ્વારા યુનિવર્સિટી કેમ્પસમાં દેખાવો કરવામાં આવ્યા હતા અને વિદ્યાર્થીઓના હિતમાં પગલાં લેવાની માંગ સાથે કુલપતિને આવેદનપત્ર આપવામાં આવ્યું હતું. જો કે કુલપતિ હાજર ન હોવાથી કુલપતિની વતી રજિસ્ટ્રારે આવેદનપત્ર સ્વીકાર્યુંહતું.

પ્રાપ્ત થતી માહિતી મુજબ અત્યારે ગુજરાત યુનિવર્સિટીની સેમેસ્ટર પાંચની પરીક્ષાએ ચાલી રહી છે તેમાં બેચરલ ઓફ કોમર્સના વિદ્યાર્થીઓને શનિવારે એકાઉન્ટ વિષયનુંપેપર હતુંજો કે આ પરીક્ષા માટે ગુજરાત યુનિવર્સિટી દ્વારા જે પેપર કાઢવામાં આવ્યું હતું તેમાં ૨૫ માર્કસનું અભ્યાસક્રમ બહારનું પુછાયું હોવાનો વિદ્યાર્થીઓએ આક્ષેપ કર્યો હતો એટલું જ નહીં કેટલાક દાખલાઓ તો એવા પુછાયા હતા જેના કોઈ જવાબ શક્ય જ ન હતા. જેને લઈ આજે અખીલ ભારતીય વિદ્યાર્થી પરીષદની આગેવાનીમાં વિદ્યાર્થી દ્વારા યુનિવર્સિટી કેમ્પસમાં દેખાવો અને સુત્રોચ્ચાર કરવામાં આવ્યા હતા. ત્યારબાદ ૫૦ જેટલા વિદ્યાર્થીઓએ રેલી કાઢી કુલપતીને આવેદનપત્ર આપવા પહોંચ્યા હતા. પરંતુ કુલપતિ હાજર ન હોવાથી યુનિવર્સિટીના રજિસ્ટ્રારે આવેદનપત્ર સ્વીકાર્યુ હતું. આ અંગે એબીવીપીના નેતા નિકુલ દેસાઈએ જણાવ્યું હતું કે પરક્ષામાં ૨૫ માર્કસનું બહારનું પુછાયું હોવાથી વિદ્યાર્થીઓને ભારે નુકશાન થાય તેમ છે તેમાંય કેટલાક નબળા વિદ્યાર્થીઓ તો નાપાસ પણ થઈ શકે છે ત્યારે કુલપતિને આવેદપત્ર આપી અભ્યાસક્રમની બહારના પુછાયેલ દાખલાઓના માર્ક વિદ્યાર્થીઓને આપવા અથવા વિદ્યાર્થીઓના હિતમાં કોઈ યોગ્ય રસ્તો કાઢવા માટે માંગ કરાઈ છે. આ ઉપરાંત પેપર કાઢનાર અધ્યાપક સામે કડક કાર્યવાહી કરવા માટે માંગ કરાઈ છે.

# આધાર કાર્ડની વિગતો ગેસ એજન્સી પાસેથી લેવી પડશે

## એલપીજી ગેસ વપરાશકારે પોતાના બેંક ખાતાની વિગતો ગેસ એજન્સીને પૂરી પાડવી : અમલ માટેની તૈયારીઓ

અમદાવાદ, તા.૦૨

અમદાવાદ જિલ્લાના ગૃહ વપરાશના એલપીજી કનેકશન ધરાવતા ગ્રાહકોને જણાવવાનું કે જિલ્લામાં તા. ૧-૧-૨૦૧૪થી ડાયરેક્ટ બેનીફીટ ટ્રાન્સફર ફોર એલપીજી યોજનાનો અમલ શરૂ કરનાર છે તે મુજબ જે ગ્રાહકોના આધારકાર્ડ નંબર અને એલપીજી ગ્રાહક નંબર, બેંક ખાતા સાથે લીન્ક થયેલ હશે તેઓને જે ગૃહ વપરાશના એલપીજી સીલીન્ડર પર સબસીડીની રકમ તેમના ખાતામાં જમા કરાવવામાં આવશે. જેથી ગૃહ વપરાશ માટેના એલપીજી કનેક્શન ધરાવતા ગ્રાહકો માટે આધારકાર્ડ આપવાની વ્યવસ્થા જે તે ગેસ એજન્સી દ્વારા કરવામાં આવેલ છે. તો તે મુજબ એલપીજી ગેસ કનેક્શન ધરાવતા ગ્રાહકોનાં પોતાનું આધારકાર્ડ જે તે ગેસ એજન્સીમાં જઈ મેળવી લેવા અને પોતાના બેંક ખાતેના નંબરની વિગતો જે તે ગેસ એજન્સીમાં સમયસર પુરી પાડવી તેમ જિલ્લા પુરવઠા અધિકારી અને નોડલ અધિકારી (યુઆઈડી) અમદાવાદની અખબારી યાદીમાં જણાવાયું છે.

# ઉવારસદ ખાતે શિક્ષકોનો વિદાય સમારોહ યોજાયો

ગાંધીનગર, તા. ૨

સદવિચાર પરિવાર સંચાલિત હીરાલક્ષ્મી ભીખાલાલ વય નિવૃત્ત થતા પ્રાથમિક શિક્ષક તરીકે ફરજ બજાવતા માવજીભાઈ લાઠીયા અને રમણભાઈ પટ્ટણીનો વિદાય સમારોહ યોજવામાં આવ્યો હતો.

કાર્યક્રમમાં શિક્ષકોની સેવાઓને બિરદાવી સંસ્થા દ્વારા શાલ ઓઢાડી સન્માનપત્ર આપવામાં આવ્યા હતા. આ પ્રસંગે સંસ્થાના ટ્રસ્ટીઓ, શિક્ષણગણ, વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.

## વિકલાંગ બાળકો છે ● અનુસંધાન પહેલાનું ચાલુ

હવે જિલ્લા તંત્ર આ બાળકોના હેલ્થ મેપીંગની ખાસ સુવિધા ઉભી કરનાર છે એટલું જ નહિ આ હેલ્થ મેપીંગ બાદ તેમાં થયેલા સુધારાઓ અંગે પણ ખાસ નોંધ તૈયાર કરવામાં આવનાર છે.


જિલ્લા તંત્ર એ જે વિકલાંગ બાળકો શોધી કાઢયા છે તેમાં સાત જુદા જુદા પ્રકારની વિકલાંગતાઓ જણાઈ આવી છે. જિલ્લામાં સૌથી વધુ દષ્ટિની ખામી ધરાવતા બાળકો મળ્યા છે જેમની સંખ્યા ૬૭ છે.

જે બાળકો મળ્યા છે તેમાં દષ્ટિની ખામી ધરાવતા ૬૭, શ્રવણશકિતની ખામી ધરાવતા બાળકો ૨૮, ઓટીઝમની ખામી ધરાવતા ૫૭, વાણીની ક્ષતિ ધરાવતા ૪૨, મંદબુધ્ધિના ૫૭, નાની મોટી ક્ષતિ ધરાવતા ૪૩ અને એક કરતાં વધુ ક્ષતિ ધરાવતા બાળકોની સંખ્યા ૨૨ છે.

આજે આ સર્વેના આધારે અંધજન મંડળ અને જિલ્લા વિકાસ અધિકારીશ્રી મેકવાન તેમજ અન્ય અધિકારીઓની એક મહત્વની બેઠક પણ મળનાર છે. જેમાં આ બાળકોના હેલ્થ મેપીંગ સહિતની વિવિધ બાબતો પર વિચાર વિમર્શ કરવામાં આવનાર છે. આ માટે આરોગ્યની સુવિધાઓ ઉપલબ્ધ બનાવવા સહિતના મુદ્દાઓની ચર્ચા થનાર હોવાનું જાણવા મળેલ છે.

શાળા-આરોગ્ય કાર્યક્રમ કરતાં તદ્દન અલગ રીતે આ સર્વેની કામગીરી કરવામાં આવી હતી. એક માસ કરતાં પણ વધુ સમય સુધી આ સર્વેની કામગીરી ચાલી હતી. રાજયમાં ગાંધીનગર જિલ્લો પ્રથમ છે જેણે બાળકોની ક્ષતિઓ અંગે પ્રથમવાર અલગથી ગણત્રી કરી છે.

## શબ્દાવલી - ૫૨૪૫



| આડી ચાવી | ઊભી ચાવી |
|---|---|
| ૧. એક વાનગી ખાસ કરીને રાજસ્થાની (૪) | ૧. વીજળી (૩) |
| ૪. 'સાંજ' શબ્દ ઊંધો (૨) | ૨. જાન, વરઘોડો (૩) |
| ૬. રામકથા, રામચરિત્રનું નાટક (૪) | ૩. પાર્ટી, જૂથ, ટુલ્લી (૨) |
| ૯. નક્કી કરેલ (૩) | ૫. ઊંટડી (૩) |
| ૧૧. રાત્રે ખુબ સુગંધી ફેલાવતું ફુલ (૪) | ૭. ચીંથરા (૨) |
| ૧૪. આ ઋતુમાં પાંદડા ખરી પડે (૪) | ૮. પગથી મારે તે, પાટુ (૨) |
| ૧૫. માણસને દાટવામાં આવે તે જગ્યા (૩) | ૧૦. વિશ્વાસ (૩) |
| ૧૭. જંગલ, રાન (૨) | ૧૨. એક ફળ (૪) |
| ૧૮. ખીજ, રોષ (૨) | ૧૩. પાલના કરવી (૫) |
| ૧૯. ડંફાસ, હોંશિયારી મારવી તે (૪) | ૧૬. રસથી ભરપૂર (૪) |
| ૨૩. 'સરાસરી' શબ્દ આડોઅવળો (૪) | ૧૯. માછળીનું અંગ્રેજી (૨) |
| ૨૪. એક વાદ્ય (૩) | ૨૦. ... માટે શ્રાવક થવું (૨) |
| | ૨૧. મૈત્રી, દોસ્તી (૨) |
| | ૨૨. ફાંસો દઈ મારી વાખવાની શિક્ષા (૨) |

### શબ્દાવલી ૫૨૪૪ના જવાબ

***આડી ચાવી :-*** (૧) શુપર્ણખા (૪) કછોડો (૭) રફ (૮) રંગાટી (૯) વોરંટ (૧૧) રકાબી (૧૩) ડીકો (૧૫) તાળી (૧૬) રળીયામણી (૧૮) જીમી (૨૦) મરીયા (૨૧) આનાકાની (૨૪) ઉદાસ (૨૫)

***ઊભી ચાવી :-*** (૧) શુરવીર (૨) પફ (૩) ખારવો (૪) કરંટ (૫) છોગા (૬) ટોટી (૧૦) રંગોળી (૧૨) કાળીજીરી (૧૩) ડીમ (૧૪) કોણી (૧૭) યાતના (૧૯) મીડાઉ (૨૦) મજા (૨૧) આસ (૨૨) કાજ (૨૩) નીક

## નેશનલ એવોર્ડ ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ભારતમાંથી ૩૨,૦૦,૦૦૦ એન.એસ.એસ.ના સ્વયં સેવકોમાંથી સમગ્ર ભારતમાંથી ૩૦ બેસ્ટ એન.એસ.એસ. સ્વયંસેવકોની પસંદગી કરવામાં આવી હતી. જેમાં ગુજરાત રાજ્યમાંથી એક માત્ર સ્વયંસેવકની પસંદગી અશ્વિનભાઈ પટેલ કોમર્સ કોલેજની વિદ્યાર્થીની મુદ્રા શર્માની પસંદગી કરવામાં આવી હતી. રાજ્યમાંથી એક માત્ર વિદ્યાર્થીની સેવક તરીકે પસંદગી પામવાથી કડી સર્વ વિશ્વ વિદ્યાલયના પ્રેસિડેન્ટ વલ્લભભાઈ પટેલ, કુલપતિ ડી.ટી. કાપડિયા, પ્રિન્સીપાલ ડૉ. જયેન્દ્રભાઈ ભટ્ટ અને વિદ્યાર્થીનીના પ્રેરણા સ્ત્રોત ડૉ. રણછોડભાઈ રથવીએ વિદ્યાર્થીનીને સંસ્થા અને કોલેજનું ગૌરવ વધારવા બદલ અભિનંદન પાઠવ્યા હતા.

## કાર્યવાહી કરવા... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

આ ઉપરાંત ભાવનગર મહાનગરપાલિકાના કમિશનર પ્રદિપ શર્માને ટેલીફોન ટેપ કરવાની તેમજ તેમની અવર-જવર ઉપર નજર રાખવાની સુચના સાથે સિંઘલને એવી સુચના આપે છે કે કમિશ્નર પ્રદિપ શર્માને પણ વણઝારાને જેટલા વરસ જેલમાં રાખ્યો તેનાથી વધારે વર્ષ પકડીને જેલમાં રખવાનો છે. (આ ટેલીફોનીક વાતચીત પછીના ત્રણ મહિનાઓમાં જ પ્રદિપ શર્માને ભુજના તેમના કાર્યકાળ દરમ્યાન વહીવટી ક્ષતિ માટે ધરપકડ કરીને અઢી વર્ષ જેલમાં જ રાખવામાં આવ્યા હતા.) આ પ્રકરણમાં એ બાબત સ્પષ્ટ થાય છે કે, મુખ્યમંત્રી નરેન્દ્ર મોદી દ્વારા આ યુવતી તથા તેના પરીવારજનોને અપાયેલા ગેરકાનૂની સરકારી લાભોની વિગત બહાર ના આવી જાય તથા આ સંબંધોની જાણકારી ધરાવતા આઈપીએસ અદિકારી અને ભાવનગર મહાનગરપાલિકાના કમિશ્નર પ્રદિપ શર્મા તથા સંબંધિત અનેક લોકોના ફોન ટેપ કરવાનો અને લોકોની સુરક્ષા માટે સ્થપાયેલ ત્રાસવાદી વિરોધી દળ, સીઆઈડી, અમદાવાદ સીટી ક્રાઈમ, રાજ્યના ગુપ્તચર વિભાગ વગેરેનો સ્વાર્થ માટે ઉપયોગ કરવાનો ફોજદારી ગુનો કર્યો છે.

આ ઘટનામાં નરેન્દ્ર મોદી અને અમીત શાહે ટેલીફોની ટેપિંગ કરવા માટે ઈન્ડિયન ટેલીગ્રાફ એક્ટના સેક્શન ૫(૨), રૂલ ૪૧૯-એ મુજબનો ગુનો કરેલ છે. આ યુવતી મહારાષ્ટ્રમાં તથા કર્ણાટક રાજ્યમાં અવર-જવર કરતી હતી તે દરમ્યાન પણ મુખ્યમંત્રી આ યુવતીની જાસુસી કરાવતા હતા તથા તેમના ટેલીફોન ટેપ થતા હતા. સદરહુ સ્નૂપગેટમાં જે તે વખતની ભાજપની ટેદીયુરપ્પા સરકાર પણ સક્રિયપણે સંડોવાયેલી હોવાની પુરી શક્યતા છે. આ બંને રાજ્યોમાં તેમના ઉપર કેવી રીતે સ્નુપીંગ કરવામાં આવ્યું તેની તપાસ કરીને તે બાતે અલગથી ગુનાઓ નોંધવા સુચન આપવા વિનંતી છે.

## રિવરફ્રન્ટ પર રન ફોર યુનિટીનો કાર્યક્રમ થશે

અમદાવાદ, તા.૦૨

અમદાવાદ શહેરના મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીના હસ્તે થોડા દિવસો અગાઉ સરદાર વલ્લભભાઈ પટેલની વિશાળ કદની પ્રતિમા બનાવવાની જગ્યાએ ખાતમુહુર્ત કરવામાં આવ્યું હતું. ભારતના શીલ્પી સરદાર વલ્લભભાઈ પટેલની વિશાળ કદની પ્રતિમા સ્ટેચ્યુ ઓફ યુનિટીનું નિર્માણ થઈ રહેલ છે. ૧૬મી ડિસેમ્બરે સરદાર વલ્લભભાઈ પટેલની પુણ્યતિથીના બાગરૂપે રન ફોર યુનિટીનો કાર્યક્રમ યોજવામાં આવેલ છે. જેના માટે ૨ ડિસેમ્બરના રોજ અમદાવાદના મેયર મીનાક્ષીબેન પટેલની અધ્યક્ષ સ્થાને એક મિટીંગનું આયોજન કરાયું હતું. ૧૫મી ડિસેમ્બરના રોજ યોજવામાં આવનાર રન ફોર યુનિટીનું આયોજન દેશમાં કુલ ૫૬૫થી વધુ જગ્યાએ કરવમાં આવેલ છે.

### કંપની સમાચાર

### ડેમેજડથી ડેમ્ન ગુડ હેર માટે પરિણીતીનો મંત્ર છે... પેન્ટીન

પરિણીતીએ તેની ટ્વીટ્સમાં હાલમાં તેની વાળની ચિંતાઓ અને તેના ડેમેજડ હેરની માવજત કરવામાં કેટલી મુશ્કેલી ઉઠાવી તે વિશે કબૂલ કર્યું હતું. તે એટલી કંટાળી ગઈ હતી કે તેણે વાળ ટૂંકા કાપવા સુધીનો નિર્ણય લીધો હતો, કારણ કે તેને લાગ્યું કે તેના ડેમેજડ હેર માટે આ જ એકમાત્ર નિવારણ છે.

પરિણીતી ટ્વીટમાં કહે છે, દરેક ફિલ્મમાં નવી હેર સ્ટાઈલ કરવામાં ચક્કરમાં મારા વાળની હાલત ખરાબ થઈ. આથી જ મેં મારા વાળને ખરેખર ટૂંકા કાપી નાખવાનો નિર્ણય લીધો છે. તે અંગેના પિક્ચર ટૂંક સમયમાં જ શેર કરીશ.

જો કે પેન્ટીન તેના બચાવમાં આવ્યું. પેન્ટીને તેની બ્રાન્ડ એન્ડોર્સ કરવા માટે પરિણીતાનો સંપર્ક કર્યો, પરંતુ પરિણીતીએ તેના વાળ પૂરતા ગ્લેમરસ દેખાશે કે નહીં તેની તે છતાં ખાતરી નહોતી. તે બ્રાન્ડના નવા ચહેરા વિશે પણ ખાસ ઉત્સુક નહોતી. પેન્ટીને તે પછી તેને ૧૦૦ ટકા ડેમેજ પ્રોટેકશન આપતી પેન્ટીનની નવી ડેઈલી મોઈશ્ચર રિપેર રેન્જનો ઉપયોગ કરવાનો ૧૪ દિવસનો પડકાર ઝીલવા માટે પૂછ્યું.

**સરદાર સરોવર નર્મદા નિગમ લીમીટેડ**
(ગુજરાત સરકારની સંપૂર્ણ માલિકીનું સાહસ)

**જાહેર નિવિદા નં.૧ : સને ૨૦૧૩-૧૪**

નાયબ કાર્યપાલક ઈજનેરશ્રી, સૌરાષ્ટ્ર શાખા નહેર પેટા વિભાગ નં. ૧/૨-એ, ધંધુકા-૩૮૨૪૬૦જી. અમદાવાદ ફોન નં. (૦૨૭૧૩) ૨૨૩૮૨૧, દ્વારા માન્ય ઈજારદારશ્રીઓ પાસેથી નીચેના કામ માટે ટેન્ડર મંગાવવામાં આવે છે.

| | કામનું નામ | અંદાજીત કિંમત રૂપિયા | બાનાની રકમ રૂ. | ટેન્ડર ફી રૂ.માં |
|---|---|---|---|---|
| ૧. | કંસ્ટ્રક્ટીંગ સોકપીટ વેલ વિથ સુવેઝ કનેક્સન ઈન ધ નર્મદા કોલોની એટ ધંધુકા. | ૧૩૩૦૦૩.૫૨ | ૧૩૩૦/- | ૬૦૦/- |

(૧) ૯-૧૨-૧૩ સુધીમાં (રજાના દિવસો સિવાય) કચેરીના ચાલુ કામકાજના દિવસોમાં ટેન્ડર ફી ભરી મેળવી શકાશે.
(૨) ભરેલ ટેન્ડર સીલબંધ કવરમાં પરત આપવાની છેલ્લી તા. ૧૦/૧૨/૧૩ સુધીમાં રજી.પો.એ.ડી.થી સ્વીકારવામાં આવશે અને કવર ઉપર કામનું નામ લખવાનું રહેશે.
(૩) જો શક્ય હશે તો તા.૧૧/૧૨/૧૩ના રોજ ૧૨-૦૦ કલાકે ઈજારદારશ્રી સમક્ષ ખોલવામાં આવશે.
(૪) આવેલ ટેન્ડર પૈકી એક યા તમામ ટેન્ડર કોઈપણ કારણો દર્શાવ્યા સિવાય મંજુર કરવા કે નામંજુર કરવાની સત્તા ના.કા.ઈ.શ્રીને અબાધિત રહેશે.

ક્રમાંક/સંમાનિ/અબદ/૧૪૨૮/૨૦૧૩